"Driving Salamat To Jivan Salamat"

અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે, શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Exec. President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801

રેફ : એ.જી.ટી.ટી.એ/૨૦૨૧-૨૦૨૨/પરિપત્ર/૧૪ તા.૧૭-૦૭-૨૦૨૧

**પરિપત્ર**

પ્રતિ,
**સર્વ એસોસીએશન જોગ,**
**સર્વ સભાસદ ભાઈઓ,**

**વિષય : માલની ચઢાઈ, ઉતરાઈ, વારાઈ, મુન્શીયાનું, મામુલ અને ચા-પાણી જેવા ખર્ચની બાબતે અગત્યનું સુચન**

સુજ્ઞ સભ્યશ્રી,

આથી સવિનય જણાવવાનું કે અત્યારે આપણો ઉદ્યોગ ખુબ જ વિકટ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે અને ખાસ કરીને ડિઝલ તેમજ ટોલટેક્ષના વધતા જતા ખર્ચે ગાડીમાલિકોની કમર તોડી નાંખી છે.

ઘણા વખત પહેલા ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસ, ન્યુદિલ્હીની કારોબારીમાં વિષયમાં જણાવેલ વધારાના ખર્ચાઓની બાબતે નિર્ણય લેવાયો હતો, પણ હવે તે બાબતોને ગંભીરતાથી લઈ સૌ ગાડીમાલિકોનો અમલીકરણ કરવાનો સમય પાકી ગયો છે.

આ બાબતે ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસ, ન્યુદિલ્હી દ્વારા તા.૦૯-૦૭-૨૦૨૧ના સર્ક્યુલર તેમજ તા.૧૫-૦૭-૨૧ની માર્ગદર્શિકા (Advisory) મુજબ **"જીસ્કા માલ ઉસકા હમાલ"** નું ચુસ્તપણે પાલન કરવા આપણાં રાજ્યના દરેક ગાડીમાલિકો તેમજ ટ્રાન્સપોર્ટ કંપનીઓને નિર્દેશ છે.

ઉપરોક્ત બાબતે આપણાં દરેક એસોસીએશનો, કારોબારી સભ્યોને ખાસ વિનંતી કે તેમના વિસ્તારમાં ભરાતી ગાડીઓ માટે આ બાબતનું પાલન કરે/કરાવડાવે અને ઉપરોક્ત જણાવેલ કોઈપણ અવ્યવહારિક ખર્ચ ગાડીવાળા પાસેથી ન લે કે લેવડાવે અને જો એવો કોઈ ખર્ચ થાય તો તે ગાડી ભાડા ઉપરાંત માલ ભરાવનાર કે માલ મેળવનાર પાસેથી લઈ ગાડીવાળાઓને આપે કે અપાવડાવે.

અત્યારે ઉપરોકત જણાવેલ નિર્દેશનું અમલીકરણ કરવું ખુબ જ જરૂરી છે, જેથી કરીને વર્ષો જૂના આ દુષણને દુર કરી ગાડીવાળાઓને માથે લીધેલ અવેધ ખર્ચામાંથી મુક્તિ આપાવી શકાય.

અમને ખાત્રી છે કે આપણે સૌ ભેગા થઈને આ સારા નિર્દેશનું નિરૂપણ કરીશુ અને કરાવીશું.

આપના સહકારની અપેક્ષા સહ.

આપના વિશ્વાસુ,

**મુકેશભાઈ સી. દવે**
(કાર્યકારી પ્રમુખ)

**હસુભાઈ એન. ભગદે**
(માનદમંત્રી)

**સામેલ :** ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસ, ન્યુદિલ્હી દ્વારા તા.૦૯-૦૭-૨૦૨૧ના સર્ક્યુલર તેમજ તા.૧૫-૦૭-૨૦૨૧ની માર્ગદર્શિકાની નકલ

**નકલ રવાના :** પ્રમુખશ્રી/માનદમંત્રીશ્રી, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, અમદાવાદ.